# જીએસટી રિટર્ન ફાઇલ કરવામાં થતી સામાન્ય ભૂલોને કેવી રીતે ટાળશો?

સમજો જીએસટીને
પરેશ કપાસી



જીએસટી કરદાતાઓ જાણ્યે-અજાણ્યે જીએસટી રિટર્ન ફાઈલ કરવામાં કેટલીક ભૂલો કરતા હોય છે, જેને કારણે પાછળથી ઘણી ગૂંચ ઊભી થતી હોય છે અને આ ભૂલો કરદાતાઓ માટે ખૂબ મોંઘી સાબિત થઈ શકે છે. માટે અગાઉથી જ સાવચેતી વર્તીને જીએસટી રિટર્ન કેવી રીતે ફાઈલ કરવા અને ફાઈલિંગ વખતે થતી સામાન્ય ભૂલો કેવી રીતે ટાળવી એ વિશેની જાણકારી આજના આ લેખમાં આપી છે.

## જીએસટી રિટર્નને સમજો

જીએસટી રિટર્ન એક સર્વગ્રાહી દસ્તાવેજ છે જેમાં જીએસટી-રજિસ્ટર્ડ કરદાતાની એવી બધી જ વિગતો સમાયેલી હોય છે, જેનો અહેવાલ જીએસટી કરદાતાઓએ કર-અધિકારીઓને આપવાનો હોય છે. એમાં બધી જ આવક, વેચાણ, ખર્ચાઓ, ખરીદીઓની વિગતો દર્શાવેલી હોય છે, એમાં વેચાણ, ઈન્પુટ ટૅક્સ ક્રેડિટ, ખરીદીઓ અને વેચાણ પરનો આઉટપુટ જીએસટી (વેચાણ પર) જેવી શ્રેણીઓ સામેલ હોય છે. ટૅક્સ સિસ્ટમમાં ઉત્તરદાયિત્વ નક્કી કરવા અને પારદર્શિતાને પ્રોત્સાહન આપવાનો જીએસટી ફાઈલિંગનો હેતુ છે.

## જીએસટી રિટર્નના પ્રકારો

ગુડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ (જીએસટી)ના વિવિધ પ્રકારોનાં રિટર્ન જેવા કે જીએસટીઆર-૧, જીએસટીઆર-થ્રીબી, જીએસટીઆર-૪, જીએસટીઆર-૫, જીએસટીઆર-૫એ, જીએસટીઆર-૬, જીએસટીઆર-૭, જીએસટીઆર-૮, જીએસટીઆર-૯, જીએસટીઆર-૧૦, જીએસટીઆર-૧૧, સીએમપી-૦૮ અને આઈટીસી-૦૪નો સમાવેશ થાય છે. કરદાતાના રજિસ્ટ્રેશનનો પ્રકાર કયો છે અને એના બિઝનેસનું ટર્નઓવર કેટલું છે એના આધારે આ વિવિધ પ્રકારોમાંથી કરદાતાને રિટર્નનો પ્રકાર લાગુ પડે છે. પાંચ કરોડ રૂપિયાથી વધુ ટર્નઓવરવાળા કરદાતાઓએ ફૉર્મ જીએસટીઆર-૯સીનો ઉપયોગ કરીને સ્વ-પ્રમાણિત રેકન્સિલિએશન સ્ટેટમેન્ટ પણ સબમિટ કરવું આવશ્યક છે. ચોકસાઈથી અને સમયસર ફાઈલિંગ કરી શકાય એ માટે પોતાના બિઝનેસને ક્યુ રિટર્ન લાગુ પડશે એ કરદાતાઓ માટે સમજવું મહત્ત્વપૂર્ણ છે.

## જીએસટી રિટર્ન ફાઇલિંગ વખતે થતી સામાન્ય ભૂલો

તમારી જાણકારી માટે કેટલીક ટાળવાલાયક સામાન્ય ભૂલો નીચે આપેલી છે.

**૧.** જ્યારે કોઈ વેચાણ અથવા ખરીદી ન હોય ત્યારે 'નીલ' રિટર્ન ફાઈલ કરવાનું અવગણવું : 'ટૅક્સના સમયગાળા દરમ્યાન જો કોઈ વેચાણ અથવા ખરીદી ન થઈ હોય તો 'નીલ' રિટર્ન ભરવું જરૂરી નથી' - એવી સામાન્ય રીતે ભૂલભરેલી માન્યતા છે. જીએસટીના કાયદા પ્રમાણે, રજિસ્ટર્ડ કરદાતાઓએ વેચાણ અથવા ખરીદીની ગેરહાજરીમાં પણ 'નીલ' રિટર્ન ફાઈલ કરવું આવશ્યક છે. કરદાતા જો આમ કરવામાં નિષ્ફળ જાય તો એનું જીએસટી રજિસ્ટ્રેશન રદ થઈ શકે છે અને તેણે દંડ પણ ભરવો છે.

**૨.** ઝીરો-રેટેડ સપ્લાય અને નીલ-રેટેડ સપ્લાય ટ્રીટમેન્ટમાં મૂંઝવણ

ઝીરો-રેટેડ સપ્લાય અને નીલ-રેટેડ સપ્લાય બન્નેના જીએસટી રિટર્ન ફાઈલ કરવાની પદ્ધતિ અલગ-અલગ છે. નીલ રેટેડ સપ્લાય ટૅક્સેબલ છે, પણ એનો જીએસટી રેટ ઝીરો ટકા છે, જેમ કે નિકાસ કરી હોય ત્યારે અથવા સ્પેશ્યલ ઈકૉનૉમિક ઝોન (SEZs)માં સપ્લાય કર્યું હોય ત્યારે. ઝીરો-રેટેડ સપ્લાયને નીલ-રેટેડ સપ્લાય તરીકે વર્ગીકરણ કરવાથી રીફન્ડ ક્લેમ કરતી વખતે ગૂંચવણ ઊભી થઈ શકે છે. ઑડિટની સ્ક્રૂટીની ટાળવા માટે ઝીરો-રેટેડ સપ્લાયને અને નીલ-રેટેડ સપ્લાયને ચોકસાઈપૂર્વક પોતપોતાની કૉલમમાં નોંધવા જોઈએ.

**૩.** જીએસટીઆર-૧ અને જીએસટીઆર-થ્રીબીને રિકન્સાઈલ કરવામાં નિષ્ફળતા

જીએસટીઆર-૧ (સેલ્સ રિટર્ન) અને જીએસટીઆર-થ્રીબી (સમરી રિટર્ન)ના માસિક રેકન્સિલિએશન ન કરવા એ એક મોટી ભૂલ છે. રેકન્સિલિએશનને કારણે નિયમિતતા જળવાઈ રહે છે અને જીએસટી રિટર્ન ફાઈલ કરવાની પ્રક્રિયામાં ચોકસાઈ આવે છે.

**૪.** રિવર્સ-ચાર્જ મેકેનિઝમ (આરસીએમ)ની ચુકવણી ન કરવી

અમુક ગુડ્સ ઍન્ડ સર્વિસિસ રિવર્સ-ચાર્જ મેકેનિઝમને આધિન હોય છે. આવા કિસ્સાઓમાં પ્રાપ્તકર્તાઓએ કર ચૂકવવાનો હોય છે. રિવર્સ-ચાર્જ ટૅક્સ જો ન ચૂકવવામાં આવે તો વ્યાજ ચૂકવવું પડે છે અને ઈન્પુટ ટૅક્સ ક્રેડિટનું નુકસાન થાય છે. ચલાન દ્વારા રિવર્સ-ચાર્જ ટૅક્સ ચૂકવવો જરૂરી છે, કારણ કે આ હેતુ માટે આઈટીસીનો ઉપયોગ કરી શકાતો નથી.

**૫.** જીએસટીઆર-૧માં ભરવામાં આવતી ઈન્વૉઈસની ખોટી વિગતો

સપ્લાયરોએ, પ્રાપ્તકર્તાઓના ઈન્વૉઈસની વિગતો જીએસટીઆર-૧માં વ્યવસ્થિતપણે ભરવી જોઈએ. ખોટા અહેવાલો ભરવાથી અથવા ઈન્વૉઈસની વિગતો આપવાનું ટાળવાથી પ્રાપ્તકર્તાઓને ઈન્પુટ ટૅક્સ ક્રેડિટ આપવા માટે મનાઈ થઈ શકે છે. ઈન્વૉઈસ-સ્તરની માહિતીના ચોક્કસ અહેવાલ આપવાથી ઈન્પુટ ટૅક્સ ક્રેડિટની પ્રક્રિયા સરળતાથી થઈ જાય છે.

**૬.** એક્સપોર્ટ સેલ્સની વિગતોને ખોટી કૉલમમાં ભરવી

એક્સપોર્ટ સેલ્સની વિગતોને ચોકસાઈપૂર્વક ઝીરો-રેટેડ સપ્લાયની કૉલમમાં ભરવી જોઈએ, નહીં કે નિયમિત સેલ્સ કૉલમમાં. ખોટી કૉલમમાં વિગતો ભરવાથી જીએસટી રિટર્નના રીફન્ડ ક્લેમ કરવામાં ગૂંચવણ ઊભી થાય છે. આથી એક્સપોર્ટ સેલ્સની વિગતોની માહિતી પ્રદાન કરતી વખતે સાવચેતી રાખવી જરૂરી છે.

**૭.** નિયત તારીખની અંદર જીએસટી રિટર્ન ફાઇલ કરવામાં વિલંબ અથવા નિષ્ફળતા

જીએસટી રિટર્નનું સમયસર ફાઈલિંગ કરવું ખૂબ મહત્ત્વનું છે. મુકરર થયેલી તારીખનું પાલન ન થાય તો જીએસટી રજિસ્ટ્રેશન રદ થઈ શકે છે અને નાણાકીય દંડ ભરવો પડી શકે છે. સરળ કામગીરી માટે નિર્ધારિત સમયરેખાનું પાલન સુનિશ્ચિત કરવું જરૂરી છે.

## નિષ્કર્ષ

કાયદાકીય ગૂંચ અને બિનજરૂરી રેકન્સિલિએશન કરવાના પ્રયત્નો ટાળવા માટે સમયસર અને ચોક્સાઈપૂર્વક જીએસટી રિટર્ન ફાઈલ કરવું ખૂબ અગત્યનું છે. ઉપર જણાવેલી ભૂલો ટાળીને સમજણપૂર્વક જીએસટી રિટર્ન ફાઈલ કરવાથી કરદાતાઓ જીએસટી રિટર્ન ફાઈલિંગમાં સરળતાનો અનુભવ સુનિશ્ચિત કરી શકે છે. પોતાના બિઝનેસની લાક્ષણિક્તા પ્રમાણે લાગુ પડતા જીએસટી રિટર્નના પ્રકારોની જાણકારી પણ મહત્ત્વની છે. માર્ગદર્શિકાને વળગી રહીને સાવચેતીપૂર્વક વિગતો ભરીને કરદાતાઓ જીએસટી રિટર્ન ફાઈલિંગ પ્રક્રિયાને સફળતાપૂર્વક પાર પડી શકે છે.

લેખક ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. તેમનો સંપર્ક કરી શકો છો
feedback@mid-day.com